ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સ્થાન-પદનું માન ગુમાવી નીચે ઉતર્યા,*
*વાણી વિલાસે પણ સ્તરથી નીચે ઉતર્યા.*
*ઉણા ઉતર્યા રાષ્ટ્રીય કક્ષાના નેતૃત્વમાં -*
*સ્વહસ્તે કરી ઝાંખી પ્રતિભા, નીચે ઉતર્યા...*

હાઈકુ

*ખૂલી છે પોલ*
*બોલે એક્ઝીટ પોલ -*
*રડે વિકાસ...*

*ઝીલી ટક્કર*
*મહાગઠબંધને -*
*કટ્ટર સામે...*

### ચિંતન

**પ્રાપિતેન ટતુકાવિમ્ચબં લંબિતેન બહુયાચન લજ્જામ ।**
**અર્થિના યદ્દધમર્જતિ દાતા તન્ન લુમ્પતિ વિલંબસ્ય દ્દાનઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાયનો આ શ્લોક દાનના સંદર્ભમાં છે :

'ખૂશામતના વચનો બોલવામાં યાચક જે વિટંબણા અનુભવે છે તેમજ ઘણી વખત યાચના કરવામાં જ જે શરમ-સંકોચ અનુભવવામાં આવે છે. યાચકને ઘણા વિલંબે દાન આપનાર દાતાને કે આપવાના વાયકા કર્યા પછી પણ નહીં આપનારને જે પાપ લાગે છે. તે પાપ દાન આપ્યા પછી પણ ધોવાતું નથી.'

યાચક ખૂબ જ વિકટ-તંત્ર પરિસ્થિતિમાં જ યાચના કરતા હોય છે. તેની શરમજનક-દયામય-લાચાર પરિસ્થિતિ ખૂબ જ દુષ્કર હોય છે.

આવા યાચકને 'આપીશ' ના વાયદો કરી ખૂબ ટટળાવી-રાહ જોવડાવી દાન આપનાર કે આપવાનો વાયદો કરી ન આપનાર પાપનો ભાગીદાર થાય છે. વિચારો! ચૂંટણીમાં વાયદા કરનાર અને પછી ભૂલી જનારા દાનવીરોની ભવિષ્યમાં શી હાલત થશે?!

### સુવિચાર

- કદી ન લખાઈ હોય તેવી ચોપડી તમારે વાંચવી હોય તો
  તમારે જાતે જ તે લખવી રહી - **એસ. ભટ્ટાચાર્ય**
- સમંદર પી જવાની હરક્ષણે તાકાત રાખું છું, મને પડકારતા હું સજ્જ મારી જાત રાખું છું,
  સહજ ઘટના ઘટે ભીંતરે મારી, સતત જોયા કરું હું ને મને જ બાકાત રાખું છું - **ત્રિલોક મહેતા**
- હિમ્મત રાડ પાડીને ગરજતી હોય તેવું હંમેશા બનતું નથી, કદીક તે દિવસના અંતે સંભળાતા નાનકડા
  મૌનનો પડઘો પણ હોઈ શકે - ***હેન્રી ફોર્ડ***
- તમે સાચા રસ્તા પર હોવ તો પણ જો તમે બેઠેલા જ રહો તો
  સમયની વણઝાર તમારી ઉપર ફરી વળે તેવું બને - **સંત એલીન**
- કરૂણાથી ભરેલા શબ્દો સાવ ટૂંકા અને સરળ હોઈ શકે,
  પણ તેમના પડઘા ખરેખર અવીરત હોય છે - **સંત એલીન** **(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ તો આપણા ફાંદાળા નેતાશ્રીઓને જોડા પણ તેના નોકર-ચાકર પહેરાવે-કયારેક ઉપાડે પણ છે. એમને ગાંધીજીનું આ દૃષ્ટાંત સમજવા જેવું છે. જાત-મહેનત-અને કોઈ કામ નાનું નથી એટલું સમજીએ.

મહાત્મા ગાંધીજી વાઈસરોયના આમંત્રણ પર કોન્ફરન્સમાં ભાગ લેવા ઈંગ્લેન્ડ ગયા. ત્યાં તેમણે અધ્યક્ષીય ઉદ્‌બોધન આપવાનું હતું. તે પહેલાં ત્યાં કેટલાંક વિશિષ્ટ લોકો માટે જલપાનની વ્યવસ્થા કરવામાં આવી. જલપાન પછી બીજા અતિથિ એંઠી પ્લેટો છોડીને નીકળી ગયા પરંતુ ગાંધીજી ત્યાં ઊભા રહીને બધાની પ્લેટો ધોવા લાગ્યા, કેટલાક લોકોએ તો તેમને કામ કરનાર નોકર માની લીધા.

થોડા સમય પછી જયારે તેમણે ગાંધીજીને મંચ પર અધ્યક્ષીય ઉદ્‌બોધન આપતાં જોયા તો તેઓ આશ્ચર્યચક્તિ રહી ગયા. તેમની આ સેવાવૃત્તિથી અંગ્રેજો કેવળ હતપ્રભ જ ન થઈ ગયા, પરંતુ તેઓ તેમનાથી અત્યંત પ્રભાવિત થઈ ગયા. પોતાના આ નાનકડાં કાર્યના માધ્યમથી ગાંધીજીએ અંગ્રેજોને એ સંદેશો આપ્યો કે કોઈ પણ કાર્ય નાનું કે મોટું નથી હોતું. જે કોઈ કાર્ય મળે, તેને ઈશ્વરની પૂજા સમજીને પૂર્ણ મનોયોગ અને તન્મયતાથી પૂરું કરવું જોઈએ. આમ કરવામાં જ મનુષ્યતાનું ગૌરવ છે.

## છોટા રાજન હવે મોદીના હાથનું હથિયાર

### તંત્રીસ્થાનેથી....

ભારતની આર્થિક રાજધાની મુંબઈ જેમ એની સિનેસૃષ્ટિ માટે જાણીતી છે તેમ અંધારી આલમ બાબતે પણ નામચીન છે. છેલ્લાં ઘણાં વર્ષોથી અંધારી આલમ સામે મુંબઈ પોલીસ ઝીંક લેતી રહી છે, જેમાં એને આંશિક બલકે નોંધપાત્ર કહી શકાય એવી સફળતા પણ સાંપડી છે. ૧૯૯૩ના મુંબઈ ધડાકાઓ પછી અંધારી આલમના બે ડૉન એકબીજાની સામે આવી ગયા હતા. દાઉદનો જમણો હાથ ગણાતો છોટા રાજન દાઉદ ઈબ્રાહિમે ટ્રેનોમાં બોમ્બ ધડાકા કરાવ્યા એથી એની સામે પડી ગયો. મૂળે છોટા રાજન મરાઠી માણૂસ. એને દાઉદની આ પ્રકારની આમ આદમી વિરુદ્ધની હિંસા મંજૂર નહોતી. એથી એણે દાઉદ સાથે છેડો ફાડી એની જુદી ગેંગ બનાવી હતી. બેઉં ડૉન એકબીજાના લોહીના તપસ્યા બની ગયા હતા તે મુંબઈ પોલીસ માટે પણ આશ્વાસનરુપ બાબત હતી. દાઉદ પાકિસ્તાન ચાલ્યો ગયો હતો અને 'ગેંગવૉર'માં છોટા રાજન પણ જમીન ગુમાવતો ચાલ્યો હતો. છોટા રાજનને ખતમ કરવા માટે દાઉદે ઘણા કારસા કર્યા પરંતુ દર વખતે એ બચી જવા પામ્યો હતો. નામ બદલીને રાજય ઑસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયામાં રહેતો હતો. પરંતુ એના માથે દાઉદનો ભય તો સતત ઝળૂંબતો જ હતો પરંતુ એના માથે દાઉદનો ભય તો સતત ઝભૂંળતો જ હતો. આવા સંજોગોમાં એને ભારતની જેલમાં રહેવું વધારે સલામત લાગ્યું, જેથી કદાચ એણે જાતે જ પકડાઈ જવાનું પસંદ કર્યું હશે, એવી પણ એક થિયરી છે. જો કે કાગળ ઉપર તો મુંબઈ પોલીસ અને મહારાષ્ટ્ર સરકાર એમના આ અઠંગ ગુનેગારને ઝબ્બે કર્યો હોવાની ક્રેડિટ લેતાં રહે છે. ડૉન છોટા રાજનને ઈન્ટરપોલની મદદથી પકડી ઈન્ડોનેશિયાથી ભારત લાવવામાં આવ્યો છે, પરંતુ અહીં એ સીબીઆઈની કસ્ટડીમાં છે. વળી જયાં એની ગુનાખોરીનું કાર્યક્ષેત્ર હતું ત્યાં લઈ જવાને બદલે છોટા રાજનને દિલ્હી રાખવાનો નિર્ણય કરાયો તથા મુંબઈ પોલીસની જગ્યાએ એને સીબીઆઈના હવાલે કરી દેવાયો એથી મહારાષ્ટ્ર સરકાર તેમજ મુંબઈ પોલીસની કાર્યક્ષમતા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. શિવસેનાએ આ મુદ્દે ટીકાત્મક અવલોકન પણ કર્યું છે. પરંતુ છોટા રાજનને મુંબઈમાં એના જાન સામે ખતરો દેખાઈ રહ્યો છે, જેમાં એને ખુદ મુંબઈ પોલીસમાં રહેલા અઢાર જેટલા દાઉદનાં 'એજન્ટો' પોતાને ખતમ કરી દેશે એવી દહેશત છે. દાઉદ ઈબ્રાહિમમાં તમામ રહસ્યોથી, એનો આ એક સમયનો જમણો હાથ અને છેલ્લાં વર્ષો દરમિયાન એનો કટ્ટર દુશ્મન બની ગયેલો ડૉન વાકેફ હોઈ કેન્દ્ર સરકારને એ ખૂબ જ મદદરુપ બની શકે એમ છે. દાઉદને પકડવા માટે મનમોહનસિંહ સરકારે ઘણા પ્રયાસો કર્યા પરંતુ એમાં સફળતા મળી નહોતી. હવે મોદી સરકાર માટે દાઉદને ઝબ્બે કરવો અને ભારત લાવી એને એના ૨૬/૧૧ સહિતના ગુનાઓ માટે સજા કરવી તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. આ 'ઑપરેશન' પાર પાડવામાં છોટા રાજન સરકારને ઉપયોગી બની શકે એમ છે. તેથી સરકારે છોટા રાજનને જરુર પડ્યે અભયદાન આપવાની પણ તૈયારી રાખી હોય તે બનવાજોગ છે. કેન્દ્ર સરકારને છોટા રાજનના ગુનાઓ કરતાં દાઉદમાં વધારે રસ છે. છોટા રાજન દાઉદને ખતમ કરવામાં અથવા શરણે લાવવામાં મદદરુપ થતો હોય તો એનો એ રીતે ઉપયોગ કરી, કાંટાથી કાંટો કાઢીને પણ કેન્દ્ર સરકાર ભારતના નંબર-વન દુશ્મનોનો ખાત્મો કરવા માગે છે. જો નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં આ 'ઑપરેશન' સફળતાપૂર્વક પાર પડશે તો સ્વાભાવિક રીતે જ એનો જશ તેઓ લઈ શકશે અને ફરી એકવાર રાષ્ટ્રીય હીરો તરીકે આગામી લોકસભાની ચૂંટણીઓમાં ડંકો વગાડી શકશે. ૨૬/૧૧ ગુનેગાર ઝબ્બે કરી શકશે તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ એમની શાખ વધશે.

## છમ્મવેશ-જીવોની સ્વબચાવ યુક્તિઓ

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

'છમ્મવેશ' જેને અંગ્રેજીમાં કેમોફલેજ (Camouflage) તરીકે ઓળખવામાં આવે છે. કવિ કલાપીની ઉક્તિ પ્રમાણે આ જીવસૃષ્ટિમાં જ પોષતું તે મારતું એજ દીશો ક્રમ કુદરતી 'મુજબ પ્રાણી સૃષ્ટિમાં પ્રત્યેક જીવ જાણે કે એક ભક્ષ્ય (શિકાર) - (Prey) છે અને તેજ રીતે તે ભક્ષક (શિકારી) (Predator) પણ છે. આ કારણ પ્રત્યેક જીવે સ્વબચાવ માટે અને અન્ય જીવ પર હુમલો કરવા માટે વિભિન્ન યુક્તિઓ અજમાવવી પડે છે.'

આ માટે મોટાભાગના જીવો તેમની આસપાસના વાતાવરણ અથવા તો પાર્શ્વભૂમિના રંગો, આકાર કે દેખાવ જેવો જ પોતાના શરીરનું રંગ, આકાર કે શારીરિક દેખાવ ધારણ કરીને અન્ય પોતાના ભક્ષ્ય કે ભક્ષકથી છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ખોરાક મેળવવામાં કે શત્રુથી જીવ બચાવવા માટેની આ જીવન મરણની યુક્તિઓ હોય છે.

પ્રાણીસૃષ્ટિમાં જીવો રૂંવાટીવાળી ચામડી ધરાવતાં, પીંછા કે ભીંગડા ધરાવતાં હોય છે. પીછાં કે ભીંગડા ઝડપથી ખેરવી શકાય છે. જયારે રૂંવાટીવાળી ચામડી કે જે ખાસ કરીને સસ્તન પ્રાણીઓ ધરાવે છે. તેમને તેમાં ફેરપાર કરવા માટે અઠવાડિયાઓ કે મહિનાઓ લાગે છે. જયારે પક્ષીઓ, ઉભયજીવીઓ કે માછલીઓ તેમના પીંછા કે ભીંગડા નિયમિતપણે ઝડપથી ખેરવતાં રહે છે.

આર્કટીકટ (ધ્રુવીય વિસ્તારમાં સફેદ બરફ છવાઈ જતો હોઈ સફેદ રંગની રૂંવાટીવાળી ચામડી ધારણ કરે છે. જયારે આજ શિયાળા બરફ ઓગળી જાય ત્યારે ઉનાળામાં કથ્થાઈ રંગની રૂંવાટીવાળી ચામડી ધારણ કરે છે.







છમ્મવેશ ધારણ કરવાની વૃત્તિમાં પ્રાણી સમુહમાં રહેવાવાળું છે કે એકલું રહેવાની ટેવ ધરાવે છે. તે પ્રમાણે તેની પદ્ધતિ, પ્રકારમાં તફાવત જોઈ શકાય છે. સવાના વિસ્તારમાં સમુહમાં/ટોળામાં રહેવાની ટેવ ધરાવતાં 'ઝીબ્રા' શ્વેત-શ્યામરંગના પટ્ટા આખા શરીરે ધરાવે છે. તેમનો ભક્ષક કે શત્રુસિંહ 'રંગ અંધત્વ' (કલરબ્લાઈન્ડ) છે. પરિણામે સિંહ ઝીબ્રાના આવા ટોળા પર હુમલો કરે ત્યારે ટોળામાં દોડતાં ઝીબ્રાઓના પટ્ટાઓની ગતિથી તે ભ્રમિત થઈ જાય છે અને તેના માટે શિકાર કરવું કઠિન બને છે. આપણે જાણીએ છીએ તેમ હજ્જારોમાં ઝીબ્રાનું ટોળું હોય તેમાં એક ઝીબ્રાના પટ્ટાની પેટર્ન અન્ય ઝીબ્રાથી જુદી જ હોય છે, સરખી હોતી નથી.

છમ્મવેશ ધારણ કરવાની પદ્ધતિમાં બીજા પ્રાણી કે વનસ્પતિ જેવા જ રંગો, ભાત કે આકૃતિ આબેહુબ રીતે કરીને બચાવ કે હુમલો કરવામાં આવે છે. ખુબ જ આશ્ચર્યજનક લાગતી આ વૃત્તિને અનુકૃતિ/નકલ (Mimicry) કહેવામાં આવે છે. ખડમાંકડી (Stick Insect) બુદ્ધ હસ્ત (પ્રેશ્ન Praying Insect) જેવા કીટકો વનસ્પતિની ડાળી, સળી કે પર્ણો જેવા જ રંગો અને આકારો ધારણ કરીને પોતાને છુપાવે છે.

ઘણાંબધાં પતંગિયા-ફુદાની પાંખો પર ગોળાકાર (રીંગ) જેવી છાપ જોવા મળે છે. દૂરથી જોતાં જાણે કે કોઈ પક્ષી ઘુવડ જેવા પક્ષી કે પ્રાણીની આંખો હોય તેવું લાગે છે. તેને ભ્રમિત રંગધારણ (Disrtuptive Coloration) કહે છે કે આજ પ્રમાણે ચમકીલા, ભડકીલા ઝેરી કે ભયાનક લાગે તેવા જીવોની રંગોની ભાત પ્રમાણે નકલ કરીને પોતાના શત્રુને ડરાવીને દૂર રાખવામાં આવે છે. જેને ચેતવણી રંગધારણ (Warning Coloration કહે છે.

દરિયામાં પરવાળાના ખડકોમાં ભડકીલા-ચમકતાં આકર્ષક રંગોવાળા ઝેરી દરિયાઈ કોરલ સ્નેક (પરવાળા સાપ) જોવા મળે છે. આ સાપના શરીર પર જોવા કાળાં કાળા, પીળા અને લાલ ભટ્ટ જેવા જ પટ્ટાઓ ધારણ કરીને બીજી જાતનો એક બીનઝેરી સ્કારલેટ સ્નેક (લાલચટક સાપ) તેના દુશ્મનોને પોતે ઝેરી છે તેવો ભ્રમ પેદા કરીને પોતાનું રક્ષણ કરે છે.

(વધુ આવતાં અંકે...)

## નવા ફટાકડા : ફૂટશે કે થશે સુરસુરીયા...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

આ દિવાળીના તહેવારોમાં દેશમાં ને ગુજરાતમાં ના ભૂતો ના ભવિષ્યતિ જેવી આતશબાઝીના એંધાણ છે. એવા એવા ફટાકડાઓ માર્કેટમાં છે કે એના પેકિંગ પર તો જોરદાર આતશબાઝીના ડીસ્ક્રિપ્શનો લખેલા છે પણ સાચી ખબર તો એ ફૂટે ત્યારે જ પડશે કે આ ફૂટ્યા કે પછી સુર્રર થઈને સુરસુરિયા થઈ ગયા? ના સમજાયુ?? કઈ નહિ...લો કરીએ આતશબાઝી શરૂ..!!!! શરૂઆત ઓબ્વીય્સ્લી આખા દેશની જેના પર નજર છે એ બિહારથી જ કરીએ. ભાજપ અને ખાસ કરીને મોદી-શાહ એ જેના જંગમાં જીવ રેડી દીધો છે એ બિહાર ના પરિણામો આ તમે વાંચતા હશો ત્યારે ૮ નવેમ્બરે આવવાના શરુ થઈ ગયા હશે. સાંપ્રદાયિકતા/જાતિગત સમીકરણો વિરુદ્ધ વિકાસના આ જંગમાં કોણ જીતે છે એની ખબર કલાકોમાં જ પડી જવાની. એકાદ બે ને બાદ કરતા લગભગ બધા જ ઓપીનીયન પોલ નીતીશનું પુનરાગમન જોઈ રહ્યા છે. મોદી અને ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું છે અને એનું કારણ છે કે બિહારની જીત આવનારી ચૂંટણીઓ અને અનેક મુદ્દે ઘેરાયેલી મોદી સરકાર માટે ઓક્સીઝન સાબિત થઈ શકે એમ છે. બિહાર જેવા પિછડા રાજ્યમાં કે જ્યાં સામાજિક પછાત લોકોની ટકાવારી ૫૦% જેવી છે ત્યાં મોદીનો વિકાસ એજન્ડા સામે નીતીશ-લાલુનું કાસ્ટ કાર્ડ જીતશે કે પછી કેસરિયો લહેરાશે એ કહેવું એટલા માટે મુશ્કેલ છે કે એક તો ત્યાનું સ્થાનિક ચૂંટણીઓ માટેનું જાતીગત રાજકારણ, બીજું ભલે કોઈ માને કે નાં માને પણ નીતીશે થોડો તો થોડો કરેલો બિહારનો વિકાસ અને છેલ્લું હજુ એકાદ વર્ષ પહેલા જ મેળવેલી ફતેહ પછી મોદી અને ભાજપની ડાઉન માર્કેટ, એટલીસ્ટ બિહાર માટે તો ખરી જ !!! જોઈએ બિહારનો આ બોમ્બ કેટલો ફૂટે છે કે પછી થાય છે કોઈ એક માટે સુરસુરિયું....???

મોદી યાદ આવે ને ગુજરાતની વાત નાં આવે એ તો બને જ નહિ ને ?? બિહાર જેવી જ આતશબાજી દિવાળી ટાણે ગુજરાતમાં પણ જવા થઈ રહી છે. અનામત આંદોલન અને પાટીદારોના વિરોધનો સામનો કરી રહેલી આનંદીબેન સરકાર માટે આ દિવાળીએ ક્યાં ફટાકડા ફૂટશે અને ક્યાં નહિ ફૂટે એની મૂંઝવણ વધુ છે. હાર્દિક તો ગયો ભાયાની જેમ કોર્ટ-કચેરીના ચક્કરમાં છે પણ પાટીદારો ભાજપને દેખાડી દેવાના મુડમાં હોય એવું વધુ લાગે છે. રાજ્યસરકારના પેકેજ છતાં પણ હજુ અનામત આંદોલનની અસરો સમાજમાં છે ૬ મહાનગરપાલિકા, ૫૬ નગરપાલિકા, ૩૧ જીલ્લા અને ૨૩૦ તાલુકા પંચાયતોની દિવાળી પછી થનારી ચૂંટણીઓ ભાજપ અને આનંદીબેન સરકાર માટે લોકપ્રિયતાનો લીટમસ ટેસ્ટ સાબિત થવાની છે અને આ આગળ લખી એ સંખ્યાઓ કોઈ નાનીસુની નથી. ગુજરાતનો એક બહોળો પ્રદેશ આ મતદાનમાં ભાગ લેવા જઈ રહ્યો છે.એક બાજુ નારાઝ પાટીદારોને સાથે લઈને કે મનાવીને ચાલવાનું છે અને બીજી તરફ પાટીદારો સિવાયની જ્ઞાતિઓ પણ ભાજપથી દુર નાં જાય એ જોવાનું છે તો ત્રીજી તરફ બગાસું ખાતા પતાસું આવી પડે એની રાહ જોતી મૃતપાય કોંગ્રેસને કોઈ લાભ નાં થાય એ પણ જોવાનું છે. ઈમ્તિહાન મુશ્કિલ હૈ !! દિવાળી પછીના એકાદ પખવાડીયામાં જ પાટીદારો અને સરકારમાંથી કોણ આતશબાઝી કરશે એ સ્પષ્ટ થઈ જશે પણ એ ચોક્કસ છે કે ૨૬ નવેમ્બર અને બીજી ડિસેમ્બરે આવનારા પરિણામો માં જો ભાજપનો દેખાવ નબળો રહ્યો તો ગુજરાતના રાજકારણમાં જ્ઞાતિગત સમીકરણોની શરૂઆત થઈ જશે અને એની અસર ક્યાં સુધી રહેશે એ કહેવું અત્યારે તો મુશ્કિલ છે...!!!!

રાજકારણની આતીશ્બાઝીથી ચાલો જઈએ ક્રિકેટના મેદાન પર. ફ્રીડમ સીરીઝના ટી-૨૦ અને વનડે મુકાબલાએ ધોનીની ફ્રીડમ તો છીનવી લીધી. કાગળ પર મજબુત લાગતી ભારતીય ટીમ ઘરઆંગણે કોઈ ફાયદો નાં ઉઠાવી શકી અને બુરી રીતે બંને સીરીઝ હારી એના અનેકો કારણો હોઈ શકે છે પણ હકીકત એ છે કે ધોનીના નેતૃત્વમાં આ બંને સીરીઝમાં ભારતીય ટીમ કોઈ લયમાં દેખાઈ જ નહિ. અંદરખાને કશુક રંધાતું હોય એવી તીવ્ર ગંધ અનુભવતા ક્રિકેટ રસિકો માટે ઓલમોસ્ટ જીતેલા મેચો હારતી ભારતીય ટીમ એક્પ્રશ્નાર્થ લાગી. આ દિવાળીએ આતીશ્બાઝી કરવાની ધોનીની મનખા તો મન માં જ રહી ગઈ ઉલટાનું લય વગર અને ટીમવર્ક વગર રમતી ભારતીય ટીમ ચર્ચાનું કેન્દ્ર બની ગઈ. બોલરો સામાન્ય લાગ્યા તો બેટ્સમેનો એ કોન્સ્ટન્ટ પ્રદર્શન કર્યુ જ નહિ. ટીમવર્કની સામે આફ્રિકાની ઝુઝારું નીતિ સકસેસ ગઈ અને સરવાળે કેપ્ટન કુલના કપાળે વર્ષો પછી ભારતીય સરજમીન પર સીરીઝ હારવાનો ધબ્બો લાગી ગયો. હવે શરુ થઈ છે ટેસ્ટ સીરીઝ, આગલી બંને કરતા જુદી આ રમતમાં ફટાકડાનું બોક્ષ વિરાટના હાથમાં છે.આગલી બંને સીરીઝમાં જોરદાર તડાફડી કરી ચુકેલી આફ્રિકન ટીમ ભારતમાં વધુ એક દિવાળી ઉજવવાના મુડમાં છે એવા સમયે વિરાટની અગ્નિપરીક્ષા થવાની. જો આ પરીક્ષામાં વિરાટ પાસ થયો તો ધોનીના સિંહાસનના પાયાઓ નીચે એ આરામથી લક્ષ્મીછાપ ટેટો ફોડી શકવાનો અને આમેય અત્યારે વિરાટને પ્રમોટ કરવાનો યજ્ઞ ચાલી રહ્યો છે. રવિ શાસ્ત્રી જેવા મહારાજ મંત્રોચ્ચાર કરવામાં પાવરધા છે અને વધુમાં ધોનીના મેન્ટર ભાઈશ્રી શ્રીનિવાસન ખુદ મુશ્કેલીમાં છે એવા સમયે જો અને તો ભારતીય ટીમ વિરાટના નેતૃત્વમાં ફ્રીડમ ટ્રોફી ઊંચકી બતાવે તો ધોનીના ફટાકડા એકાદ વર્ષમાં હવાઈ જવાના અને વિરાટના રોકેટ ફૂટવાના ચાન્સીસ વધુ છે પણ એ પહેલા તો ક્રિકેટ રસિકોને ઇન્તેઝાર છે ટી-૨૦ અને વન-ડે સીરીઝમાં સુરસુરિય થઈ ગયેલા ફટાકડાઓને આ દિવાળીએ ફૂટવાનો...!! લેટ્સ વેઈટ એન્ડ વોચ ગાય્ઝ...!!

વેઈટ એન્ડ વોચ તો આ દિવાળીએ રણબીર પણ કરતો હશે. છેક ૨૦૧૩માં આવેલી યે જવાની હૈ દીવાની પછી આ કપૂરપુત્રને એક હીટની તાતી તલાશ છે કેમકે એ જવાની પછી આ રોમેન્ટીક હીરો એ બેશરમ, રોય ને બોમ્બે વેલવેટ જેવા ફ્લોપ હથોડા જીકેલા છે. બોલીવુડને રણબીરથી અનેકો આશાઓ છે એનાથી વધુ રણબીરને તમાશા પર છે. યસ તમાશા એ રણબીરની આગામી ફિલ્મ છે અને મજાની વાત એ છે કે તમાશામાં એની સાથે છે એક્સ-ગર્લફ્રેન્ડ દીપિકા. આ એ જ દીપિકા છે જેની સાથે રણબીરે લાસ્ટ હીટ આપેલી યે જવાની હૈ દીવાની. યે જવાની પછી દીપિકા તો ક્યાય આગળ નીકળી ગઈ પણ રણબીર હજુ ત્યાં ને ત્યાં જ છે. દીપિકાના લેડીલકને લીધે તમાશા નામનો ફટાકડો ફૂટે છે કે નહિ એના પર રણબીરની કેરિયર ટકેલી છે એમ કહી શકાય. ખુદ રણબીર પણ કબુલે છે કે દીપિકાનો ચાર્મ તમાશાને તારે તો હું પણ તરી જઈશ. અત્યારે તો મોહિતના મસ્ત અવાજમાં અને રેહમાનના દિલફેંક સંગીતમાં 'મટરગશ્તિ' અને 'અગર તુમ સાથ હો' જેવા ગીતો હીટ થયા છે પણ તમાશાનો આ બોમ્બ તો ૨૭ નવેમ્બરે પડદા પર કેવો ફૂટે છે એ જોવું રહ્યું. તમાશાનો બોમ્બ ફૂટે કે નહિ પણ પ્રેમભાયનો લક્ષ્મીછાપ ટેટો ચોક્કસ ફૂટવાનો. વર્ષો પછી ભેગા થયેલા સલમાન અને સુરજ, રાજશ્રીનું બેનર અને બજરંગી ભાયજાનની રેકોર્ડ તોડ તાજી જ સફળતા પછી પ્રેમ રતન ધન પાયો આ દિવાળીએ ચોક્કસ પ્રકાશ ફેલાવશે એ તો નક્કી છે પણ આ ફટાકડાના સોલીડ અવાજથી સતત ફ્લોપ આપી રહેલી સોનમની કારકિર્દીમાં પણ આતશબાઝીનો અવસર આવશે એ પણ નક્કી...! જોઈએ આમાંથી ક્યાં ફટાકડા ફૂટે છે અને ક્યાં સુરસુરીયા થાયશત?? ટીલ ધેન હેપ્પી દિવાલી અને નુતન વર્ષાભિનંદન ઈન એડવાન્સ...!!!

- akurjt@gmail.com

## ૨૧મી સદીની ૨૧ આગાહીઓ

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, આપને થશે કે આ શું? સાહિત્યિક કોલમમાં આગાહીઓ ? સાહિત્યકારો જો ભવિષ્ય જોવા લાગશે તો સાચા જ્યોતિષીઓનું શું થશે? અહી પ્રસ્તુત આગાહીઓ કોઇ જ્યોતિષ નથી પરંતુ છેલ્લી સદીની ઘટનાઓ, સ્થિતિ અને તેના મૂલ્યાંકન દ્વારા કાલ્પનિક શક્યતાઓ - આગાહીઓ માત્ર છે. આ લેખ આજથી ૧૫ વર્ષ પહેલા એટલે કે જાન્યુઆરી-૨૦૦૦માં લખાયો છે. આમાંની કેટલીક આગાહીઓ સાચી પણ પડી છે. અને કેટલીક સાચી પડી રહી છે. ... તો આવો આપણે જોઈએ ૨૧મી સદીની ૨૧ આગાહીઓ.

(૧) ૨૧ સદીમાં ભારતમાં એક એવી વ્યક્તિનો ઉદય થશે કે આવતી સદીઓમાં તે ઈશ્વર તરીકે પૂજાશે. આખી પૃથ્વી ઉપર પોતાનો ઐશ્વર્ય પ્રભાવ પાડી કર્મ, ધર્મ, વિજ્ઞાન અને પ્રકૃતિના સિદ્ધાંતો દ્વારા આખી પૃથ્વીના માનવીઓમાં નવી ચેતના જગાવશે. (૨) ૨૧ સદીમાં કૌટુંબિક અને જાતીય સંબંધોનું અવમૂલ્યન થશે. પિતા પુત્રી સાથે, ભાઇ - બહેન સાથે, મા - પુત્ર સાથે લગ્ન કરશે. વિશ્વના તમામ દેશોની સંસ્કૃતિ પતનના માર્ગે જશે. લગ્ન પ્રથાના અસ્તિત્વ સામે પ્રશ્નો ઊભા થશે. ત્યારે ભારતમાં જન્મેલી એક વિરાટ વ્યક્તિત્વવાળી વ્યક્તિ દુનિયાના દેશોની સંસ્કૃતિઓનો પોતાના પ્રભાવથી ફરી વિકાસ કરશે અને એક નવા યુગનો આરંભ થશે. જેમાં પ્રેમ, લાગણી, સંબંધ, ત્યાગ, શ્રદ્ધા, ધ્યાન, યોગ, સાધના અને તપસ્યાનું મહત્વ વધશે. (૩) ૨૧ સદીમાં ભારતની એક સ્ત્રી ભારતને રાજકીય - આર્થિક અને સંરક્ષણ તથા અદ્યતન ટેકનોલોજીના ક્ષેત્રે વિશ્વના ટોચના દેશ તરીકે પ્રસ્થાપિત કરશે. અને પોતાનો રાજકીય પ્રભાવ આખા વિશ્વ પર પાડશે. (૪) ૨૧ સદીમાં ભારતના દરિયા કિનારેના શહેરોમાં મોટી હોનારતો સર્જાશે. મુંબઇ, ચેન્નેઇ, સહિત ગુજરાતના પોરબંદર, દ્વારિકા, વેરાવળ અને કંડલાબંદર જેવા અનેક શહેરોનો વિનાશ થશે. બહુમાળી બિલ્ડીંગો તૂટી પડશે. લાખો લોકો મૃત્યુ પામશે. આ સમયે એક બાળકનો અદભુત બચાવ થશે અને તે બાળક અલૌકિક શક્તિ ધરાવતું હશે. (૫) ૨૧ સદીમાં ભીખારીઓ, મજુરો, પટાવાળાઓ, કારીગરો તથા સાવ નીચલા વર્ગના લોકોના ઘેર પણ કોમ્પ્યુટરો, મોબાઈલ ફોન તથા વાહનો હશે.

(૬) ૨૧ સદીમાં એક વિશ્વયુદ્ધ કોમ્પ્યુટરો દ્વારા થશે. જેમાં કોમ્પ્યુટરોમાં વાયરસ મોકલી લોકોની આંખ, શ્વાસ અને મગજ બંધ કરી ધીમેધીમે મૃત્યુ સુધી લઇ જશે. જો કે આ વિશ્વયુદ્ધોમાં ભારતના કોમ્પ્યુટરો સર્વશ્રેષ્ઠ સાબિત થશે. ભારતને વિજય અપાવશે. (૭) ફિલ્મક્ષેત્રે એક એવા અભિનેતાનો ઉદય થશે કે જેનો પ્રભાવ આખી સદી ઉપર પડશે. અને આ અભિનેતાની લોકપ્રિયતા અમિતાભ બચ્ચનની લોકપ્રિયતાને વટી જશે. (૮) મંગળ કે ચન્દ્ર ઉપર હૉટેલો બંધાશે. આ બન્ને ગ્રહોને અવકાશી પર્યટન સ્થળ તરીકે જાહેર કરાશે. દુનિયાના મુખ્ય દેશોના વડાઓની એક કૉન્ફરન્સનું આ ગ્રહ ઉપર આયોજન થશે. જેમાં આખા વિશ્વ ઉપર એક ચક્રી - એક સત્તા સ્થાપવા અંગેની વિચારણા થશે. (૯) ૨૧ સદીમાં ભારતની પાંચ વ્યક્તિને નૉબેલ પારિતોષિક મળશે. જેમાંથી એક ગુજરાતી વ્યક્તિ પણ હશે. (જો નૉબેલ પારિતોષિક આપવાનું બંધ ન થાય તો) (૧૦) કવિ રમેશ પારેખને ગુજરાતી કવિતાનો સર્વશ્રેષ્ઠ પુરસ્કાર '' નરસિંહ મહેતા પુરસ્કાર '' ( રૂપિયા દોઢ લાખ ) એનાયત થશે. (આ આગાહી સાચી પડી છે. - આજે કવિ ર.પા. આપણી વચ્ચે હયાત પણ નથી.)

(૧૧) ૨૧ સદીમાં આખી પૃથ્વીના પેટાળમાં ધરતીકંપો થશે. જેની તીવ્રતાથી મહાનગરો ધરાશાયી થશે. હિમાલય માઉંટ આબુ - ગીરનાર જેવા મોટા મોટા પર્વતો પણ તૂટી પડશે. આ વખતે પૃથ્વી પર મોટા તોફાનો - વાવાઝોડા, અતિવૃષ્ટિ થશે, પાંચ પાંચ દસ દસ કિલો બરફના કરાઓ પડશે. આકાશમાંથી અચાનક ઉલ્કાઓ, સળગતા લાવાઓ પડશે. (૧૨) ૨૧ સદીમાં ક્રિકેટક્ષેત્રે સચિન તેંડુલકર વન ડેમાં અને ટેસ્ટમાં ૫૦ - ૫૦ સદી નોંધાવશે. વળી વન ડેમાં બેવડી સદી કરવાનો વિક્રમ પણ તે નોંધાવશે. તેની આ સદીઓનો રેકર્ડ ૨૧મી સદીમાં કોઇ નહી તોડી શકે. ( આ આગાહી પણ સાચી પડી છે. આજે સચિન નિવૃત છે.)(૧૩) ૨૧ સદીમાં લોકો હવામાં ઊડી શકશે. તરી શકશે. અને ઈચ્છા મુજબ અદશ્ય પણ થઈ શકશે. જાદ વિદ્યા, મંત્ર-તંત્ર વિદ્યા, અધ્યાત્મ શક્તિ, મનની પરમ શક્તિ, રેકી, ટેલિપથી, વિપશ્યના, સાધના, ધ્યાન, યોગ, તપસ્યા... આવી બધી શક્તિઓ વડે લોકો ધાર્યા કામ કરશે. વરસાદ વરસાવશે. ગરમીમાં ઠંડી અને ઠંડીમા ગરમીનો અનુભવ કરાવશે. વિજ્ઞાનના અસ્તિત્વ સામે ઘણાય પ્રશ્નો ઊભા થશે. મૃત્યુ પામેલ વ્યક્તિને ફરીથી જીવિત કરી શકાશે. વૃદ્ધાવસ્થા ઉપર વિજય મેળવી શકાશે. માણસ ઈચ્છે ત્યા સુધી યુવાન રહી શકશે. (૧૪) ૨૧ સદીમાં પ્રદુષણ એટલું બધુ વધશે કે શુદ્ધ પ્રાણવાયુ (ઓક્સીજન)ના ડબ્બા - પાઉચ - પેકેટ બજારમાં વેચાતા મળશે. શરુમાં આ પેકેટ ખુબ મોંઘા હશે પરંતુ પછી આમ વપરાશમાં આવતા ગેસ કનેકશનની જેમ ઓક્સીજન કનેકશન પણ સરકાર વાજબી ભાવે આપશે. આ શુદ્ધ ઓક્સીજન પૃથ્વી ઉપર વૃક્ષોના વન ઉગાડીને લેવાશે. (૧૫) ૨૧ સદીમાં અંતરિક્ષમાંથી બીજા ગ્રહના માણસો પૃથ્વી ઉપર ઉતરી આવશે. અને પૃથ્વીના માણસોનું અપહરણ કરીને પોતાના ગ્રહ ઉપર અભ્યાસ માટે લઈ જશે. આમ પૃથ્વી સિવાય બીજા ગ્રહ ઉપર જીવન હોવાનું સત્ય બહાર આવશે. આ બીજા ગ્રહના લોકો હવામાં સહેલાઈથી ઊડી શકતા હશે. તરી શકતા હશે. અદૃશ્ય થઈ શકતા હશે. તેઓ દૈવી શક્તિથી ભરપુર હશે.

(૧૬) ૨૧ સદીમાં હિમાલય ઓગળશે. આજુબાજુના વિસ્તારોમાં ખુબ જ જોરદાર પૂર આવશે. શહેરોના શહેરો તણાઇ જશે. (૧૭) ૨૧ સદીમાં અદ્યતન ટેકનોલોજીનો યુગ આવશે. એક મોબાઈલમાં ટી.વી. ચેનલો, કેમેરો, વિડીઓ. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ વાપરી શકાશે. (૧૮) શિક્ષણ ક્ષેત્રે પરીક્ષા પ્રથા નાબુદ થશે. શૈક્ષણિક મૂલ્યાંકનો ઉપર ભાર દેવાશે. વિદ્યાર્થી પોતાની સજ્જતા મુજબ વર્ષમાં ગમે ત્યારે આ મૂલ્યાંકનો આપી આગળ વધી શકશે. આને કારણે તીવ્ર બુદ્ધિ-પ્રતિભા ધરાવતું દસ-બાર વર્ષનું બાળક પણ ડૉકટર, પ્રોફેસર કે પીએચ.ડી થઈ શકશે. ભારતમાં ફરીથી વેદકાલીન શિક્ષણપ્રથા આવશે. જંગલોમાં શૈક્ષણિક આશ્રમો સ્થપાશે. વૈદિક અને સંસ્કૃત સાહિત્યનું મૂલ્ય વધશે. (૧૯) ૨૧ સદીમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બનશે. તરસથી લોકોના શ્વાસ રૂંધાશે. તરફડીને લોકો મૃત્યુ પામશે. અનાજ ઉગશે નહી, વસ્તી વધવાથી ભૂખમરો પેદા થશે. લોકોને અઠવાડિયે માંડ માંડ જમવાનું મળશે. બાકીના દિવસોમાં વિટામીનની ગોળીઓ, જમવાની - તરસ છીપાવવાની ટેબ્લેટ્સ ખાવી પડશે. વહેતી નદીઓના પાણીની કિંમત વધશે. લૂંટ થશે. ચોરી થશે. નદીના વહેતા પાણી માટે ઝગડાઓ થશે. અંતે આ બધી સમસ્યાઓના હલ રૂપે દરિયાના ખારા પાણીને મીઠું બનાવી લોકોને અપાશે ત્યારે પૃથ્વી ઉપરથી આ જળ સમસ્યા દૂર થશે. (૨૦) ઈ.સ. ૨૦૨૦ના વર્ષમાં અમેરિકાના તે વખતના પ્રમુખની હત્યા કરવાનો જોરદાર પ્રયાસ થશે. પરંતુ હત્યારાઓ ફાવશે નહીં, પણ જો આ હુમલો બીજી વખત થશે તો સફળતા મળશે. આ વર્ષે વિશ્વના બધા જ દેશોના વડા પ્રધાનોએ ચેતવું પડશે. આ વર્ષે મુખ્ય મુખ્ય દેશો વચ્ચે છૂપા યુદ્ધો પણ થાય જો આ વખતે ભારત - ચીન - ઈઝરાયલ એક બનશે તો આખાય વિશ્વ ઉપર પોતાની હકૂમત સ્થાપી શકશે. વિશ્વ રાજકારણ પર અમેરિકાનો પ્રભાવ સાવ ઓછો થઈ જશે.

અનુસંધાન પાના નં. ૭ પર